**<u>ફો.પ.અરજી નં.૧૫૦/૨૦૨૬</u>**

**-:: રાણાવાવ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૮૦૧૫૨૬૦૧૦૫/૨૦૨૬ મુદ્દામાલ પરત મેળવવા માટેની અરજી લગત હુકમ ::-**

---

**(૧).** અરજદાર **રંજનબેન બીજલભાઈ ડાભી**ની અરજી વંચાણે લીધી. સમગ્ર રેકર્ડ ધ્યાને લીધુ. અરજદારે પોતાની માલિકીનું વાહન **હીરો કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ** જેનો રજીસ્ટ્રેશન નં. **GJ-25-AF-2260** કે જે રાણાવાવ પોલીસ સ્ટેશન **ગુ.ર.નં. બી-૧૧૨૧૮૦૧૫૨૬૦૧૦૫/૨૦૨૬** ના કામે **બી.એન.એસ.કલમ-૩૧૮(૪), ૩૩૮, ૩૪૦(૨)** મુજબના ગુનાના કામે કબ્જે કરેલ છે તે પરત મેળવવા હાલની અરજી કરેલ છે. તેમજ અરજદારે સદરહુ મુદામાલ પોતાની માલિકીની હોવા બાબતે **વાહનની આર.સી.બુક તથા આધાર કાર્ડની** ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. વધુમાં**,** આ કામે ચાર્જશીટ થઈ ગયેલ છે અને તે ફોજદારી કેસ **નં.૨૩૯/૨૦૨૬** થી ફોજદારી કેસ તરીકે રજીસ્ટ્રરે લેવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૨).** આ કામે સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી નો શેરો વંચાણે લીધો તથા અરજદારનાં વિ. વકીલશ્રી ની રજુઆતો સાંભળી તેમજ અરજદાર ની અરજી**,** રજુ થયેલા દસ્તાવેજી પુરાવાઓ માં વાહનની આર. સી. બુક તથા વાહન ની વિમા પોલીસની નકલ જોતાં તેમા આ કામ ના અરજદાર મુદદામાલ વાહન ના રજીસ્ટર્ડ માલિક છે તે હકીકત જણાય આવે છે પરંતુ તેઓ એ આ મુદામાલ વાહન (જુના) આરોપી ને એક્ષચેંજ માં આપી તેઓ પાસે થી નવા વાહન મેળવેલ છે તેમજ જુના વાહન આરોપી પાસે થી અન્ય વ્યકિતઓ એ ખરીદ કરેલ છે તે હકીકત પણ રેકર્ડ આવેલ છે.

આમ સદર હકીકત ના સમર્થન માં નામદાર વડી અદાલત ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધાંત મુજબ **Trilok Singh Vs. Satyadeo Tripathi, AIR 1979 SC 850, K.A. Mathai Vs. Kora Bibbikutty, 1996 (7) SCC 212., Charanjit Singh Chadha Vs. Sudhir Mehra, (2001) 7 SCC 417. held that; “** In an

hire purchase agreement, purchaser remains merely a trustee/bailee on behalf of the financer/financial institution and ownership remains with the financer. No criminal action can be taken against the financer if the vehicle is seized by him against the non-payment of installments as he is repossessing the goods (vehicle) owned by him."

**(૩).** આ કામે ત.ક.અ. એ કબ્જે કરેલ મુદદામાલ એક થી વધુ વાહનો તથા હાલ ની અરજી નો મુદદામાલ વાહન પોલીસે **નં.(૧).** બ્રોકર દિવ્યેશ કિશોરભાઈ ભુતીયા (મુદામાલ પાવતી આંક–૦૫), **નં.(૨).** બ્રોકર જયદીપભાઈ કિશોરભાઈ ચોહાણ (મુદદામાલ પાવતી આંક–૬),**નં.(૩).** બ્રોકર રાહુલભાઈ કરશનભાઈ કોડીયાતર (મુદદામાલ પાવતી આંક–૭), **નં.(૪).** બ્રોકર વિશાલભાઈ મશરીભાઈ ઓડેદરા (મુદદામાલ પાવતી આંક–૮) તથા **નં.(૫).** બ્રોકર રોમિત હરીશભાઈ ખીલોસીયા (મુદદામાલ પાવતી આંક–૯) **પાસે થી** કબ્જે કરેલ છે અને તે હકીકત ને આ કામે તપાસ ના કામે મુદદામાલ વાહનો કબ્જે કરેલ જેના જુદા જુદા પંચનામાઓ વંચાણે લેતા પણ ઉપરોકત નં.૧ થી ૫ ના બ્રોકર પાસે થી કબ્જે કરેલ છે તે હકીકત જણાય આવે છે અને આ ગુનો દાખલ થતા પહેલા તેઓ એ બ્રોકર તરીકે જુના વાહન આરોપી ધવલ ખુદાઈ પાસે થી ખરીદ કરી ને મેળવેલ હતા અને તેઓ ની દુકાન માં થી કબ્જે કરેલ હતા તેથી આ કામ ના બ્રોકર નં.૧ થી ૫ આ મુદદામાલ વાહન ના થર્ડ પરસન પાસે થી શુધબુધિ ના ખરીદનાર છે તેથી ઉપરોકત નં.૧ થી ૫ ના બ્રોકર આ મુદદામાલ વાહન ના ન્યાસધારી અથવા નિક્ષેપધારી (Bailee) હોવા થી કબ્જેદાર બનેલ છે તેથી આ અરજદાર મુદામાલ વાહન ના રજીસ્ટર્ડ માલિક હોવા માત્ર થી તેઓ ને સોંપી શકાય નહી. આમ, આ કામે રજુ રેકર્ડ, પંચનામુ તથા દસ્તાવેજો વંચાણે લેતાં હાલનાં તબકકે અરજદાર ને વાહન પરત સોંપવુ ન્યાયી, વ્યાજબી અને

ઉચીત જણાતુ ન હોય, જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: હુકમ :: –**

અરજદારની મુદામાલ વાહન પરત મેળવવાની અરજી આથી **નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

–– હુકમ આજ રોજ **તા.૧૦ મી માહે–જુન સને–૨૦૨૬ ના** રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

**તા. ૧૦/૦૬/૨૦૨૬.**
**સ્થળ : રાણાવાવ.**

**(નારાયણ લાલ શર્મા)**
**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (ફ.ક.), રાણાવાવ.**
**U.I.C.NO.GJ 01439.**